# હિંમતનગર નગરપાલિકા, તા.હિંમતનગર, જિ.સાબરકાંઠા

# ભરતી જાહેરાત

હિંમતનગર નગરપાલિકાના લઘુત્તમ મહેકમના માળખા મુજબ મહેકમનું માળખું મે.નિયામકશ્રી નગરપાલિકાઓની કચેરીના હુકમ ક્રમાંકઃનપાની/મહેકમ/હિંમતનગર/વશી/૧૫૩૧/૧૧ તા.૧૮/૧૦/૨૦૧૧ અન્વયે કુલ–૧૩૧ પૈકી ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે મે.પ્રાદેશિક કમિશનરશ્રીની કચેરી,ગાંધીનગર ખાતેથી અલગ–અલગ સંવર્ગની વર્ગ–૩ ની અને વર્ગ–૪ની કુલ–૨૫ જગ્યાઓ ભરવા માટે મંજુરી આપેલ છે. આ જાહેરાત નગરપાલિકાના અબાધિત અધિકાર હેઠળ ભરતી–બઢતીના મંજુર થયેલ નિયમો મુજબ નીચે જણાવેલ જગ્યાઓની ભરતી માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

| અ. નં. | વિભાગનું નામ અને જગ્યાનું નામ | લઘુત્તમ શૈક્ષણિક લાયકાત | પગાર ધોરણ (પાંચ વર્ષ માટે ફીક્સ પગાર) | GEN. | SC | ST | | OBC | EWS | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ST | P/H | | | |
| ૧ | સામાન્ય વહીવટ શાખા | | | | | | | | | |
| | પ્રમુખશ્રીના મદદ.ક્લાર્ક, વર્ગ–૩ | ગ્રેજ્યુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | 26000.00 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 1 |
| | રજીસ્ટ્રી ક્લાર્ક, વર્ગ–૩ | ગ્રેજ્યુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | 26000.00 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 1 |
| ૨ | હિસાબી શાખા | | | | | | | | | |
| | ક્લાર્ક કમ કેશીયર વર્ગ–૩ | કોમર્સ ગ્રેજ્યુએટ (વાણિજ્ય શાખા) તથા કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ. | 26000.00 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 1 |
| ૩ | વેરા શાખા | | | | | | | | | |
| | વ્ય.વેરા–શોપ ઈન્સ્પેક્ટર કમ ક્લાર્ક, વર્ગ–૩ | ગ્રેજ્યુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | 26000.00 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 1 |
| ૪ | આરોગ્ય શાખા | | | | | | | | | |
| | સફાઈ કામદાર(સ્વીપર),વર્ગ–૪ | લખી વાંચી શકે તેવા. | 21100.00 | 7 | 1 | 2 | 0 | 5 | 2 | 17 |
| | ક્લીનર, વર્ગ–૪ | લખી વાંચી શકે તેવા. | 21100.00 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 1 |
| | મુકાદમ, વર્ગ–૪ | ધોરણ–૧૦ પાસ તથા ટુવ્હીલરના જાણકાર | 21100.00 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 1 |
| ૫ | ટેકનીકલ શાખા | | | | | | | | | |
| | સ્ટોર કીપર કમ ક્લાર્ક, વર્ગ–૩ | ગ્રેજ્યુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | 26000.00 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 1 |
| ૬ | પા.પુ. અને ગટર વ્યવસ્થા શાખા | | | | | | | | | |
| | મુકાદમ, વર્ગ–૪ | ધોરણ–૧૦ પાસ તથા ટુવ્હીલરના જાણકાર | 21100.00 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 1 |
| | | | કુલ | 12 | 1 | 3 | 0 | 7 | 2 | 25 |

**શરતો :–**

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરીપત્ર મુજબ સીધી ભરતીથી પાંચ વર્ષના સમયગાળા માટે ફિક્સ પગારના અજમાયશી તરીકે નિમણુંક આપવામાં આવશે.

(૨) સામાન્ય કેટેગરીના પુરુષ ઉમેદવારો માટે ૧૮ થી ૩૬ વર્ષ રહેશે. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૧/૨૦૨૧/૪૫૦૭૦૦/ગ.૫. તા.૧૪/૧૦/૨૦૨૧ના ઠરાવ અન્વયે અનુ.જાતિ,અનુ.જનજાતિ,બક્ષીપંચના ઉમેદવારો,આર્થિક રીતે નબળા(SC/ST/OBC/EWS/WOMEN)વર્ગ,મહિલાને વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ આપવામાં આવશે તેમજ સરકારશ્રીના વખતોવખતના ઠરાવ તથા નિયમો પ્રમાણે ઉંમરમાં છુટછાટ આપવામાં આવશે. ઉંમરની ગણતરી જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી પુર્ણ થાય ત્યાં સુધી ગણવાની રહેશે.

(૩) આ ભરતી સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃપવરા–૧૦૨૦૧૯–૨૨૩(૧)–૫–૪, તા.૨૬/૦૨/૨૦૨૦થી રોસ્ટર પોઈન્ટ મુજબ ભરવાની રહેશે.

(૪) અરજી કરનાર ઉમેદવારોએ સરકાર માન્ય કોમ્પ્યુટર સી.સી.સી.પરીક્ષા પાસ કરેલાનું પ્રમાણપત્ર અથવા આઈ.ટી.આઈ.માં પાસ કરેલ કોમ્પ્યુટરનું પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરવાનું રહેશે. સી.સી.સી.પરીક્ષા પાસ ન કરેલ હોય તો નિમણુંક મળેથી છ માસમાં સી.સી.સી.પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૫) અનામત વર્ગના ઉમેદવારોએ જે તે સક્ષમ અધિકારીનુ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૬) શા.શૈ.પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું તેમજ સક્ષમ અધિકારીનું સરકારશ્રી ધ્વારા નિયત થયેલ ત્રણ વર્ષની સમય મર્યાદા મુજબનુ ક્રિમીલીયર સર્ટી રજુ કરવાનું રહેશે.

(૭) બીન અનામત વર્ગમાં અરજી કરનાર ઉમેદવારે રૂા.૩૦૦/–નો ડી.ડી. ચીફ ઓફીસર, હિંમતનગર નગરપાલિકાના નામનો રજુ કરવાનો રહેશે. અનુસુચિત જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પ.વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ(EWS), મહિલાની કેટેગરીમાં અરજી કરનાર ઉમેદવારોને સરકારશ્રીના નિયમ મુજબ ફીમાંથી મુક્તિ આપેલ છે.

(૮) શૈક્ષણિક લાયકાત, જન્મ તારીખના પુરાવાઓ તથા અનુભવનું પ્રમાણપત્ર પ્રમાણિત કરી અરજી સાથે જોડવાના રહેશે તેમજ અરજી સાથે અલગથી પાસપોર્ટસાઈઝનો ૧–નંગ ફોટો રજુ કરવાનો રહેશે.

(૯) મે.નિયામકશ્રીના પરીપત્ર ક્રમાંક નં.નપાની/પુ.૧/વશી/૪૦૩૫/૨૦૦૪,તા.૩/૦૮/૨૦૦૪ થી પરીપત્ર કરાયેલ અમરેલી નગરપાલિકાના કિસ્સામાં સ્પે.સી.એ. નંબર–૫૭૪૬/ ૧૯૯૯માં નામ.હાઈકોર્ટના ચુકાદાને આધિન નગરપાલિકામાં કામ કરતાં કર્મચારીઓને ઉંમરમાં છુટછાટ મળવાપાત્ર રહેશે.

(૧૦) મે.પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગરના પત્ર નં.RCMGN/0131/09/2024 Dt-05-10-2024થી મંજુર કરેલ ભરતી–બઢતીના(સુધારેલા–૨૦૨૪)નિયમો મુજબ ભરતી પ્રક્રિયા કરવામાં આવશે.

(૧૧) ભરતી પ્રક્રિયા અંગેના અબાધિત અધિકારી પસંદગી સમિતિ હિંમતનગર નગરપાલિકાના રહેશે.

(૧૨) અરજદારોએ અરજી કવરના મથાળે જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

(૧૩) જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં અરજી રજીસ્ટર એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ ધ્વારા મોકલવાની રહેશે. ત્યાર પછી આવેલ અરજી તેમજ એક કવરમાં બે અરજી મોકલેલ હશે તે બન્ને અરજી રદપાત્ર ગણાશે.

(૧૪) આ જાહેરાત પ્રસિદ્ધ થયા અગાઉની અરજીઓ તથા નિયત સમયમર્યાદા બાદ આવેલ અરજી તેમજ અધુરી વિગતો દર્શાવતી અરજીઓ માન્ય ગણવામાં આવશે નહિ.

(૧૫) અરજી મોકલવાનું સરનામું :– મે.ચીફ ઓફીસરશ્રી, હિંમતનગર નગરપાલિકા, ગોકુલનગર રેલ્વે ફાટક પાસે, ખેડ તસીયા રોડ, રીલાયન્સ મોલની બાજુમાં, હિંમતનગર, તા.હિંમતનગર, જિલ્લો–સાબરકાંઠા, પી.નં.૩૮૩૦૦૧ હિંમતનગર નગરપાલિકા ખાતે અરજી કરવાની રહેશે.

(૧૬) નિયત નમુનાના અરજી ફોર્મ નગરપાલિકા કચેરીના મહેકમ શાખામાંથી વિના મુલ્યે મેળવી લેવાના રહેશે. તથા ઈ–નગરની વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

નોંધ :– તા.૨૭/૦૯/૨૦૨૨ના રોજ 'સંદેશ' અને 'દિવ્ય ભાસ્કર' દૈનિક પેપરની ઉત્તર ગુજરાત આવૃતિમાં જુદા–જુદા સંવર્ગની જગ્યાઓ ભરવા અરજીઓ મંગાવવામાં આવેલ હતી. જે આવેલ અરજીઓ પૈકી અ.નુ.૨,૪,૫,૬ની સંવર્ગની માન્ય–અમાન્ય કરેલ અરજીઓ છે તેની યાદી નગરપાલિકાના નોટીસ બોર્ડ/ઈનગર સાઈટ ઉપર પ્રસિધ્ધ કરેલ હોઈ માન્ય ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહી.

| | | |
|---|---|---|
| ઉપેન્દ્ર પી.ગઢવી<br>પસંદગી સમિતિના સભ્ય સચિવ<br>અને<br>ચીફ ઓફીસર<br>હિંમતનગર નગરપાલિકા | જીનલબેન એચ.પટેલ<br>ચેરમેન<br>કારોબારી સમિતિ<br>હિંમતનગર નગરપાલિકા | વિમલભાઈ એ.ઉપાધ્યાય<br>પ્રમુખ<br>હિંમતનગર નગરપાલિકા |

હિંમતનગર નગરપાલિકા, હિંમતનગર જિલ્લો. સાબરકાંઠા

પરિશિષ્ટ
(જુઓ નિયમ – ૭)

| અ.ન | શાખાનું નામ | જગ્યાનું નામ | સીધી ભરતીના પ્રસંગે શૈક્ષણિક લાયકાત અને અનુભવ | બઢતીથી ભરતીના પ્રસંગે શૈક્ષણિક લાયકાત અને અનુભવ | સીધી ભરતી અને બઢતીનું પ્રમાણ | જે જગ્યામાંથી બઢતી આપવાની હોય તે જગ્યાનું નામ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | સામાન્ય વહીવટ | મુખ્ય અધિકારી | કોમન કેડર | ------ | – | – |
| | | ઓફીસ સુપ્રિન્ટેન્ડેટ | ગ્રેજયુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | ગ્રેજયુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ (નગરપાલિકામાં પાંચ વર્ષનો અનુભવ) | બઢતીથી | સિનિયર કલાર્ક, ટેક્ષ ઈન્સ્પેકટર, ટેક્ષ સુપ્રિટેન્ડેન્ટ |
| | | સિનિયર કલાર્ક | ગ્રેજયુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | ગ્રેજયુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ (નગરપાલિકામાં પાંચ વર્ષનો અનુભવ) | બઢતીથી | કલાર્ક, કલાર્ક કમ ટાઈપીસ્ટ, કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર, ઓડીટર તથા તમામ સમકક્ષ કલાર્ક |
| | | પ્રમુખના મદદનીશ (કલાર્ક) | ગ્રેજયુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | ------ | સીધી ભરતી | — |
| | | રેકર્ડ કલાર્ક | ગ્રેજયુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | ------ | સીધી ભરતી | — |
| | | રજીસ્ટ્રી કલાર્ક | ગ્રેજયુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | ------ | સીધી ભરતી | — |
| | | કલાર્ક કમ ટાઈપીસ્ટ | ગ્રેજયુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | ------ | સીધી ભરતી | — |
| | | કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર | ગ્રેજયુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | ------ | સીધી ભરતી | — |
| | | જન્મ–મરણ અને નોંધણી કલાર્ક | ગ્રેજયુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | ------ | સીધી ભરતી | — |
| | | પટાવાળા | આઉટ સોર્સીંગથી | ------ | ------ | આઉટ સોર્સીંગથી |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨ | હિસાબી શાખા | હિસાબનીશ | કોમન કેડર | ------ | ------ | – |
| | | ઓડીટર | કોમર્સ ગ્રેજ્યુએટ (વાણિજ્ય શાખા) કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | કોમર્સ ગ્રેજ્યુએટ (વાણિજ્ય શાખા) કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ (નગરપાલિકામાં પાંચ વર્ષનો અનુભવ) | બઢતી અથવા સીધી ભરતી ૧:૧ | કલાર્ક કે તેની સમકક્ષ |
| | | કલાર્ક કમ કેશીયર | કોમર્સ ગ્રેજ્યુએટ (વાણિજ્ય શાખા) તથા કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ. | ------ | સીધી ભરતી | – |
| | | પટાવાળા | આઉટ સોર્સીંગથી | ------ | ------ | આઉટ સોર્સીંગથી |
| ૩ | વેરા શાખા | ટેક્ષ સુપ્રિન્ટેન્ડન્ટ | ગ્રેજ્યુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | ગ્રેજ્યુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ (નગરપાલિકામાં પાંચ વર્ષનો અનુભવ) | બઢતીથી | કલાર્ક કે તેનાથી ઉપરની કક્ષા |
| | | ટેક્ષ ઈન્સ્પેકટર | ગ્રેજ્યુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | ગ્રેજ્યુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ (નગરપાલિકામાં પાંચ વર્ષનો અનુભવ) | બઢતીથી | કલાર્ક, કલાર્ક કમ ટાઈપીસ્ટ, કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર, ઓડીટર તથા તમામ સમકક્ષ કલાર્ક |
| | | કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર | ગ્રેજ્યુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | ------ | સીધી ભરતી | -- |
| | | વ્યવસાય વેરા કલાર્ક/ શોપ ઈન્સ્પેકટર કમ કલાર્ક | ગ્રેજ્યુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | ------ | સીધી ભરતી | -- |
| ૪ | આરોગ્ય શાખા | સેનેટરી ઈન્સ્પેકટર | કોમન કેડર | ------ | ------ | – |
| | | મુકાદમ (૨૦ સ્વીપર દીઠ) | ધોરણ – ૧૦ પાસ તથા ટુવ્હીલરના જાણકાર | ધોરણ–૧૦ પાસ તથા ટુવ્હીલરના જાણકાર (નગરપાલિકામાં ૫(પાંચ) વર્ષનો અનુભવ | બઢતી અથવા સીધી ભરતી ૧:૧ | સફાઈ કામદાર |
| | | સફાઈ કામદાર | લખી વાંચી શકે તેવા. | ------ | સીધી ભરતીથી | – |
| | | ડ્રાઈવર | આઉટ સોર્સીંગથી | ------ | ------ | આઉટ સોર્સીંગથી |
| | | કલીનર | લખી વાંચી શકે તેવા. | ------ | સીધી ભરતીથી | – |



33

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | ટેકનીકલ શાખા | મ્યુનિસિપલ ઈજનેર (ડીગ્રી સીવીલ) | કોમન કેડર | ------ | | – |
| | | મદદનીશ મ્યુનિસિપલ ઈજનેર (ડીપ્લોમા સીવીલ) | ડિપ્લોમા ઈન સિવિલ એન્જીનીયર તથા કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ તથા માન્ય સંસ્થાનો ઓટોકેડ કોર્ષ (પ્લાન તથા એસ્ટીમેટ સ્વતંત્ર રીતે બનાવી શકે તેવા) | ------ | સીધી ભરતીથી | – |
| | | મદદનીશ મ્યુનિસિપલ ઈજનેર (ડીપ્લોમાં મિકેનીકલ) | ડિપ્લોમા ઈન મિકેનીકલ એન્જીનીયર કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ. | ------ | સીધી ભરતીથી | – |
| | | સ્ટોર કીપર કમ કલાર્ક | ગ્રેજયુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | ------ | સીધી ભરતીથી | – |
| | | વાયરમેન કમ ઈલેક્ટ્રીશીયન | ધોરણ–૧૨ પાસ, ITI વાયરમેન કોર્સે પાસ. | ------ | સીધી ભરતીથી | – |
| | | વર્ક આસીસ્ટન્ટ | ગ્રેજયુએટ, ITI સર્વેયર કોર્સે પાસ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ. | ------ | સીધી ભરતીથી | – |
| | | પટાવાળા | આઉટ સોર્સીગથી | ------ | ------ | આઉટ સોર્સીગથી |
| ૬ | પાણી પુરવઠો અને ગટર વ્યવસ્થા શાખા | ડ્રેનેજ સફાઈ કામદાર | લખી વાંચી શકે તેવા. | ------ | સીધી ભરતીથી | – |
| | | મુકાદમ | ધોરણ – ૧૦ પાસ તથા ટુવ્હીલરના જાણકાર | ધોરણ–૧૦ પાસ તથા ટુવ્હીલરના જાણકાર (નગરપાલિકામાં ૫(પાંચ) વર્ષનો અનુભવ | બઢતી અથવા સીધી ભરતી ૧:૧ | સફાઈ કામદાર |
| | | કલાર્ક | ગ્રેજયુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | ------ | સીધી ભરતીથી | – |
| ૭ | અગ્નિશમન સેવા શાખા | ફાયર ઈન્સ્પેકટર | ------ | ------ | ------ | ------ |
| | | ફાયરમેન | ------ | ------ | ------ | ------ |
| | | ડ્રાઈવર | ------ | ------ | ------ | ------ |



3

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૮ | ટાઉન પ્લાનીંગ શાખા | ટાઉન પ્લાનર | બી.ઈ.સીવીલ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ. | ------ | સીધી ભરતીથી | – |
| ૯ | અન્ય વિકાસલક્ષી, સામુહિક સંગઠન પ્રવૃતિ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર સમાજ સંગઠક | ગ્રેજ્યુએટ (M.S.W.) તથા કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ. | ------ | સીધી ભરતીથી | – |
| | | કલાર્ક | ગ્રેજ્યુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | ------ | સીધી ભરતીથી | – |

**સ્પષ્ટીકરણ :–**

૧. એલ.એસ.જી.ડી. એટલે ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઓફ સેલ્ફ ગર્વમેન્ટ, મુંબઈ ધ્વારા આપવામાં આવતો લોકલ સેલ્ફ ગર્વમેન્ટ ડીપ્લોમા.

૨. સી.સી.સી.કોર્ષ સરકારશ્રી ધ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થા ધ્વારા ચલાવવામાં આવતો કોસ

૩. નિયમો :– આ નિયમો હિંમતનગર નગરપાલિકા કર્મચારીઓના ભરતી–બઢતીના નિયમો.

૪. જગ્યા ભરવાની રીત :– પરિશિષ્ટમાં જણાવેલ જગ્યાઓ આપોઆપ મંજુર થયેલ ગણવાની નથી. ઉપરોકત પૈકી જે જગ્યાઓ સરકારશ્રી/નિયામકશ્રી/મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી ધ્વારા મંજુર કરી આપેલ હશે તે જ જગ્યાઓ ભરવાની રહેશે.

૫. સામાન્ય ભરતી :– આ અંગે નગરપાલિકાએ મંજુર કરેલ સામાન્ય ભરતી નિયમોને આધીન રહીને આ જગ્યાઓ ભરવાની રહેશે.

૬. બઢતીથી ભરતી :– બઢતીથી જગ્યા ભરવાના પ્રસંગે તે પરિશિષ્ટ–૭ માં જણાવેલ કર્મચારીઓ યોગ્ય લાયકાત અને કાર્યદક્ષતા ધરાવતા કર્મચારીઓમાંથી જ ભરવાની રહેશે.

૭. ઉમર :– ૧૮ વર્ષથી ઓછી નહી અને સામાન્ય કેટેગરીના પુરુષ–સ્ત્રી ઉમેદવારો તેમજ અનુસુચિત જાતિ(SC), અનુસુચિત જનજાતિ(ST), સા.શૈ.પ.વર્ગના ઉમેદવારો(OBC), આ.ન.વર્ગ(EWS)ને વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ આપવામાં આવશે તેમજ સરકારશ્રીના વખતો–વખતના ઠરાવ,પરીપત્રો, નિયમો પ્રમાણે ઉમરમાં છુટછાટ આપવામાં આવશે. તથા નગરપાલિકામાં નોકરી કરતા કર્મચારીઓની સરકારશ્રીના નિયમો મુજબ છુટછાટ આપવામાં આવશે.

૮. સરકારશ્રી ધ્વારા મહિલા અનામત ૩૩ ટકાનો અમલ બાબતે સરકારશ્રીના વખતો–વખતના ઠરાવ, પરીપત્રો તથા નિયમો મુજબ લાભ મળવાપાત્ર રહેશે.

૯. જે જગ્યાઓ સીધી ભરતીથી અથવા બઢતીથી ભરવાની છે તે અંગેનો નિર્ણય જે તે વખતે કરવાનો નગરપાલિકાને અબાધિત અધિકાર રહેશે.

ચીફ ઓફીસર
હિંમતનગર નગરપાલિકા

તારીખ :– ૩/૮/૨૦૨૪

૩૫

વિના મુલ્યે

# હિંમતનગર નગરપાલિકા

## ......................................અરજી ફોર્મ

તાજેતરનો રંગીન પાસપોર્ટ સાઇઝનો ફોટો

પ્રતિ,
સભ્ય સચિવશ્રી,
પસંદગી સમિતિ અને
ચીફ ઓફિસર હિંમતનગર નગરપાલિકા

વિષય:-......................... શાખામાં ..........................જગ્યા પર નિમણુંક આપવા અંગેની અરજી.

ઉમેદવારનું નામ :-.........................................................................................................

હાલનું સરનામું :-.........................................................................................................

જન્મ તારીખ :-..............................(તા. / /૨૦૨ ના રોજ)દિવસ-............માસ-..............વર્ષ.............

મોબાઈલ નં..........................

જાતિ:-.......................... જ્ઞાતિ / પેટા જ્ઞાતિ :-.................................... કેટેગરી(સ્ત્રી/પુરુષ).......................

મારી શૈક્ષણિક અને અન્ય લાયકાત નીચે મુજબ છે.

| **શૈક્ષણિક લાયકાત** | **પરીક્ષા પાસ કર્યાનું વર્ષ** | **બોર્ડ/યુનિ.નું નામ** | **ટ્રાયલ** | **ટકા/ગ્રેડ** |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

**અનુભવ:-**

| **સંસ્થાનું નામ** | **હોદ્દો** | **તારીખ થી તારીખ** | **કુલ અનુભવના વર્ષ** |
|---|---|---|---|
| | | | |

### –: બાંહેધરી :–

આથી હું .....................................................................
રહે.શહેર/ગામઃ–................. તાલુકોઃ–................ જિલ્લોઃ–............. ખાતરી આપું છું કે મેં જાહેરાતમાં દર્શાવેલ બધા જ નિયમો અને શરતો વાંચીને સમજયા છે તથા તે અંગેના મુળ દસ્તાવેજો મારી પાસે ઉપલબ્ધ છે. જે માંગણી થયેથી હું રજુ કરીશ. ઉપર જણાવેલ તમામ હકીકતો મારી જાણ મુજબ સાચી અને ખરી છે અને જો તેમાં કોઈપણ વિગત ખોટી હશે તો તે અંગે સ્ટાફ સમિતિનો નિર્ણય અંતિમ રહેશે અને તે મને બંધનકર્તા છે.

**તારીખ :–** **ઉમેદવારની સહી...**

**બિડાણ :–**

૧. ૨. ૩.

૪. ૫. ૬.